**ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,**
**કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર ૧૯, ગાંધીનગર.**

**રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંગેની જાહેરાત અન્વયે સૂચનાઓ(જાહેરાત ક્રમાંક : ૦૭/૨૦૨૪)**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તારીખ: ૦૧/૦૮/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક : GH/SH/41/ 2024/ED/MIS/e-file/3/2024/0482/G તથા શિક્ષણ વિભાગના તારીખ:૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની જોગવાઇઓ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને વખતો વખતના સુધારાઓની જોગવાઈઓ અન્વયે રાજ્યની **રજિસ્ટર્ડ બિન સરકારી અનુદાનિત માધ્યમિક** શાળાઓમાં અંદાજે **કુલ-૨૩૧૭ શિક્ષણ સહાયકોની** જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની જાહેરાત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અંતર્ગત નિયત શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મેળવવાની થાય છે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૪/૧૦/૨૦૨૪ થી તા.૧૫/૧૧/૨૦૨૪ ના રોજ ૨૩:૫૯ કલાક સુધી https://gserc.in/ વેબસાઈટ પર આપેલ જાહેરાત સંબંધિત અગત્યની સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. દ્વિસ્તરીય શિક્ષક અભિરૂચિ કસોટી TAT(SECONDARY)પરીક્ષા-૨૦૨૩માં ૬૦% (૧૨૦ ગુણ) કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારો જ અરજી કરી શકશે.

❖ **બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી માટેના અગત્યના ઠરાવો:**

1. તારીખ ૦૧/૦૮/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક :GH/SH/41/2024/ED/MIS/e-file/3/2024/0482/G
2. તારીખ ૨૯/૦૪/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2022/5921/G
3. તારીખ ૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ
4. તારીખ ૨૬/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક :પરચ/૨૦૧૮/આર-૨૩/ખ-૧
5. સા.વ.વિ.ના તારીખ ૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:સી.આર.આર.-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨
6. તારીખ ૧૯/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:ED/MSM/efile/3/2023/1662/CHH.
7. તારીખ ૨૪/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:ED/MSM/efile/3/2023/1662/CHH-PF1
8. તારીખ ૧૫/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/2440/CHH
9. તારીખ ૨૨/૩/૧૭ના ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૬/ક
10. તારીખ ૨૨/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2022/2166/G
11. શિક્ષણ વિભાગના તા.૨૭/૦૯/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: ED/GRM/e-FILE/3/2024/4133/G

## ❖ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાત:-

- શિક્ષણ વિભાગના તારીખ.૦૧/૦૮/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક:GH/SH/41/2024/ED/MIS/e-file/3/2024/0482/G અનુસાર રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની કેન્દ્રીયકૃત ભરતી માટેના ભરતી નિયમો મુજબની લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ તથા વખતોવખત થયેલ સુધારાથી રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી અંગેના શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાતના વિષય અને લઘુત્તમ લાયકાત અંગેના ઠરાવો થયેલ છે જે મુજબ સુધારાઓની જોગવાઈઓથી નિયત થયા મુજબની લાયકાત હોવી જોઈએ.
- આ નિયમો મુજબ રાજ્યની રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગના તારીખ ૨૯/૦૪/૨૦૨૩ના જાહેરનામા અન્વયે જુદાજુદા વિષયો અને

